પુષ્ટિમાર્ગ અને નવગ્રહ.....?

मन्त्रोपासन-वैदिक-तांत्रिक-दिक्षा-अर्चनादिविधिभिर्य: I

अस्पृष्टो रमते निजभक्तेषु स मेऽस्तु सर्वस्वम् II

(श्रीविट्ठलनाथजी-श्रीगुसाइंजी विरचीत भक्तिहंस)

થોડા દિવસ પહેલાં એક લેખ વાંચતાં ભારે આંચકો લાગ્યો. લેખનું શીર્ષક હતું – "પુષ્ટિમાર્ગ અને નવગ્રહ." વૈષ્ણવતાના મારા પરંપરાગત પુષ્ટિભક્તિમાર્ગીય સંસ્કારોમાં આવા કોઇપણ જાતના ગ્રહોના સંબંધની વાત મેં બાલપણથી કદીય સાંભળી નહોતી. વૈષ્ણવ સંપ્રદાયોમાં શ્રેષ્ઠતમ્ એવા પુષ્ટિભક્તિમાર્ગમાં જ્યારે યન્ત્ર-તન્ત્ર-મન્ત્ર-ટોના-ટોટકા-ગ્રહો વગેરેના નિવારણ કે તેઓની શાંતિ કરવાની વાત સંભળાય છે, ત્યારે મન ખુબ જ બેચેન બની જાય છે. આપણા માર્ગમાં સર્વવિદિત છે કે શ્રીમહાપ્રભુજીએ જીવમાત્રના આત્મકલ્યાણ માટે ભગવત્સેવા અને ભગવત્કથા સિવાય બીજા કોઇપણ સાધનાની ફ્લોન્મુખતા બતાવી નથી. શ્રીભગવાન પણ પોતે આજ્ઞા કરે છે કે भक्तयाहमेकया ग्राह्यः, भक्त्या लभ्यस्त्वनन्यया વિગેરે. શ્રીમહાપ્રભુ આપશ્રીના ષોડશગ્રન્થાન્તરગત ભક્તિવર્ધિની ગ્રન્થમાં આજ્ઞા કરે છે – सेवायां वा कथायां वा — સેવક-વૈષ્ણવો પોતાના સ્વામી શ્રીપ્રભુને કેટકેટલા લાડ કરીને રીઝવે છે. જેમ શ્રીયશોદા મૈયા શ્રીપ્રભુને અતિવાત્સલ્યભાવથી રીઝવે છે, જેમ શ્રીવ્રજસ્વામીનીઓ પોતાના સર્વસ્વરૂપ શ્રીપ્રભુપર પોતાનું સર્વસ્વ વારે છે, જેમ શ્રીપ્રભુના સખાઓ પ્રભુનાં વિવિધ પ્રકારના કૌતુકમાં, નિશ્છલભાવે, આપશ્રીની સાથે ક્રીડા કરી રહ્યા છે તેમજ એક ભક્ત પણ પોતાના સ્વામીને પોતાના સ્વભાવાધિકારાનુસાર અનેક ભાવોથી એમને રીઝવે છે. એક ભક્ત માટે તો ભક્તોદ્ધારક સ્વરૂપ તે જ ભગવાન સર્વસ્વ છે જે એના જ ઉદ્ધાર માટે પ્રગટ થઇ એ ભક્તના પોતાના ઘરમાં એના માથે બિરાજી રહ્યા છે, તે સ્વરૂપ જ તેની દુનિયા છે. તેના ઉપર પ્રસન્ન થઇ જો ભગવાન તેને મોક્ષરૂપી ફળ પણ આપે તો તે પણ તેના માટે તુચ્છ છે.

શ્રીભગવાન આજ્ઞા કરે છે :-

सालोक्यसार्ष्टिसामीप्यसायुज्येकत्वमप्युत I

दीयमानं गृहमन्ति विनामत्सेवनं जना : ॥

જો આવા ઉત્કૃષ્ટમ ભાવવાળા સંપ્રદાયના આપણે સેવક હોઇએ અને ગ્રહોના અવદશાની વાત તથા ગ્રહોને શાંત કરવા માટે વિવિધ પ્રકારના પ્રમાણહીન તથાકથિત જાપ-પાઠ વિગેરે કરતા હોઇએ તો આવા બધા મન:કલ્પિત પ્રકારોથી ચેતવું જરૂરી બની જાય છે.

શ્રીમહાપ્રભુજીએ આ માર્ગ પ્રગટ કર્યો છે અને આપશ્રીના ઉભયાત્મજ, જ્યેષ્ઠ શ્રીગોપીનાથપ્રભુચરાણ અને શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણ-શ્રીગુંસાઇજીએ સંપ્રદાયનો વિસ્તાર કર્યો છે. શ્રીગુંસાઈજીના સાત સ્વરુપો (પુત્ર) પ્રગટ્યા, પ્રથમ શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીઘનશ્યામજી. આ દસ સ્વરૂપો આપણા સંપ્રદાય માટે **वस्तुत: कृष्ण एव** રૂપ છે. શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલ દશવિધલીલાયુત શ્રીકૃષ્ણની દશવિધલીલાઓની જે વાત છે તે સ્વરૂપમાં આ દસેય સ્વરૂપોનો અન્તર્ભાવ થઇ જાય છે. કોણ જાણે કેમ આજે આપણે શ્રીગોપીનાથ પ્રભુચરણને તદ્દન ભુલી ગયા છીએ. જે શ્રીગોપીનાથપ્રભુચરણે સંપ્રદાય માટે સાધનદીપિકા નામક સેવા સંયોજન અને વેષ્ણવોચિત જીવનપ્રણાલી શીખવનાર ગ્રન્થ પ્રગટાવ્યો અને શ્રીગુંસાઇજી જેમના માટે મંગલાચરણમાં

यदनुग्रहतो जन्तु: सर्वदु:खातिगो भवेत् ।

तमहं सर्वदा वन्दे श्रीमदवल्लभनन्दनम् ॥

એવી આજ્ઞા કરી રહ્યા છે, તેવા શ્રીવલ્લભનન્દન શ્રીગોપીનાથપ્રભુચરણોને આપણે બધાએ સર્વથા વિસ્મૃત કરી દીધા છે ! આ દસ સ્વરૂપોની નવ ગ્રહ સાથે સરખામણી કરવી અથવા ગ્રહોના નિવારણાર્થ પ્રત્યેક ગ્રહ સાથે તે સ્વરૂપને આપણા લૌકિક પ્રતિબન્ધ દૂર કરવા માટે કીમિયા રૂપ સમજવામાં આવતા હોય તો આપણા માર્ગની કેવી વિચિત્ર દશા કહેવાય ! અરે ! વાત અહીંથી અટકતી નથી, પુષ્ટિમાર્ગના નામે તથાકથિત પુષ્ટિમાર્ગીય સંસ્થાઓ પણ આવા કાર્યોમાં પોતાનો સહયોગ આપતાં સહેજે અચકાતા નથી !! સાથેય પ્રોત્સાહન પણ આપે છે!

આ દિશામાં આજકાલ કાંઇક નવાજ પ્રયોગો જોવામાં આવી રહ્યા છે! જે વ્યક્તિ ઉપર ફ્લાણા ગ્રહોની દશા બેઠી હોય તો તે લોકો આ નવ સ્વરૂપોમાંના કોઇપણ એક સ્વરૂપના નામ સાથે

જોડેલા મંત્રનો જાપ કરે છે અને વળી તેની સામગ્રી પણ આરોગાવવામાં આવે છે . દા.ત. સૂર્યની દશા ચાલતી હોય તો શ્રીઆચાર્યજી શરણં મમ્ અથવા શ્રીવલ્લભ શરણં મમ્ મંત્રના ૭૦૧૦ જાપ કરવાથી સારું થાય! તે નિમિત્તે અમુક નંગ પહેરવો અને ામુક સામગ્રી ધરવી! શ્રીગુંસાઇજી શરણં મમ્ તેના ૧૦૦૦૦ જાપથી ચંદ્રની દશા સુધરે ! શ્રીગોકુલનાથજી શરનં મમ્ તેના ૧૧૦૦૦ જાપથી મંગળની દશા ટળે છે! વગેરે વગેરે, આવું કાં કરતાં તે ગ્રહ વિશેષની અવદશા શાંત થઇ જાય છે એવી માન્યતા પ્રચલિત કરાઇ ગઇ છે!

આ દિવ્યમાર્ગનું અનુસરણ કરનાર જે વ્યક્તિઓ પોતાના અજ્ઞાનના કારણે આવા ભ્રાંત, પ્રમાણહીન લેખો વિના સોચે-સમજે પ્રગટ કરી શ્રદ્ધાળુ અને ભાવિક વૈષ્ણવ બન્ધુઓને ગેરમાર્ગે દોરવી રહ્યા છે, તે લોકોએ માર્ગીય જાહેર સામાયિકોમાં, માસિક પત્ર-પત્રિકાઓમાં આવું અગડંબગડં છપાવતાં પહેલા વિચાર તો કરવો જોઇએ કે આપણે કોના નામનો સહારો લઇને શું કરવા બેઠા છીએ? શું એ લોકોએ કદીય એવો વિચાર કર્યો ખરો કે ફુટપાથ પર બેસનાર જે ફેરીયાઓ હલ્કા સ્તરના ટોના-ટોટકાથી લોકોને ભ્રામક રસ્તો બતાવી રહ્યા છે, કાલે ઉઠીને એવા લોકો પાસે શ્રીમહાપ્રભુજી, શ્રીગુંસાઇજી અને સપ્તાચાર્યના ચિત્રો કે એમના દિવ્ય પાઠ-સ્તોત્ર પણ મળતા થઇ જશે ને લૌકિક પ્રયોજન અર્થે વેચાશે! શ્રીપ્રભુચરણ જે શ્રીસર્વોત્તમ સ્તોત્રનું ફ્ળ કૃષ્ણાધરામૃતના આસ્વાદની સિદ્ધિ બતાવે છે, તે શ્રીસર્વોત્તમનો ઉપયોગ લોકો પોતાના અતિ લૌકિક કાર્યો માટે કરતા થઇ જશે!! પુષ્ટિમાર્ગીય સેવક-વૈષ્ણવોએ માર્ગની ગરિમાને સમજી શ્રીમહાપ્રભુજીએ ઉપદેશેલ આજ્ઞાઓનેજ અનુસરીને આગલ વધવું જોઇએ, નહિં કે આવી વ્યાપારીક વણિક બુદ્ધિથી કે જે આપણને માર્ગભ્રષ્ટ કરી દે !!!

શું આપણને આવું કરવાની જરુરીયાત લાગે છે ખરી? શું પુષ્ટિમાર્ગને નવગ્રહની શાંતિ માટે પ્રગટ કરવામાં આવ્યો છે ?

પુષ્ટિમાર્ગ એક સારા ખાતર સમાન છે, જેણે સારા ખેતરમાં નાંખવાથી પાક સારો થાય તેમજ પુષ્ટિમાર્ગને ઉત્તમ એવા દૈવીજીવોને શરણે લેવાથી ઉત્તમ પાક સમાન વિરલ ભક્ત બને છે, જે કેવળ પ્રેમલક્ષણા ભક્તિને અનુસરે છે નહિં કે ગ્રહોના નડતરને. શ્રીપ્રભુચરણના પંચમ સ્વરૂપ શ્રીરઘુનાથપ્રભુચરણ સ્વકૃત શ્રીગુંસાજીની સ્તુતિ શ્રીવિઠ્ઠલેશસ્તવનમ્ માં આજ્ઞા કરે છે –

न मंत्रे न तंत्रे न च ज्ञान सिद्धौ

न वैकुंठबुद्धिरस्तु वैकुंठलोके ।

गतिर्विट्ठलेशे रतिर्विट्ठलेशे

मतिर्विट्ठलेशे सदा वै ममास्तु ॥

મન્ત્ર-તન્ત્ર-યંત્ર-ટોના-ટોટકા કરવાથી કે અતિ જ્ઞાનવાન્ મહાપંડિત બની જવાથી કે વૈકુંઠબુદ્ધિ રાખવાથી કાં સિદ્ધ થવાનું નથી, જે થશે તે શ્રીમહાપ્રભુજી, ઉભય શ્રીપ્રભુચરણ અને સપ્તાચાર્યોની દિવ્યવાણીથી અને એ વાણીનું રહસ્ય સમજાવનાર શ્રીહરિરાયચરણ, ભાષ્યવ્યાખ્યાતા રશ્મિકાર શ્રીગોપેશ્વરજી, દશ દિગન્ત વિજયી શ્રીપુરુષોત્તમચરણ, લેખકાર કાકા શ્રીવલ્લભજી જેવા પુષ્ટિમાર્ગના સ્તમ્ભરૂપ આચાર્ય મહાનુભવો અને વર્તમાન્ સમયમાં કિશનગઢસ્થ શ્રીશ્યામમનોહરજી, ગોકુલસ્થ ચતુર્થપીઠાધીશ્વર શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી (શ્રીસુરેશ બાવાશ્રી) વિગેરે જેવા દિવ્ય પુરુષોની કૃપાર્દષ્ટિથી સિદ્ધ થશે.........

ભાવત્ક

દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા